(૨૦)

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૧૫૮/૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૧૩ - ૧૧ - ૨૦૧૭

પ્રતિ,
શ્રી વિમલકુમાર ભરતભાઇ પઢિયાર
કે/ઓ. ફ્રોનિકસ કોમ્પલેક્ષ,
સુરજપ્લાઝાની બાજુમાં,
સયાજીગંજ,વડોદરા

વિષય :- મોજે ઉંડેરા, તા.વડોદરા, જી.વડોદરાના રે.સ.નં.૩૮૮, પ્લોટનં. ૧,૨ વાળી જમીનમાં એક લો રાઇઝડ ટાવરમાં કુલ-૧૦ ફ્લેટસ ના બાંધકામ માટે રીવાઇઝડ વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૧૪-૦૮-૨૦૧૭ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે શરતી વિકાસ પરવાનગી તથા મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

(સહી)
નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## રીવાઇઝડ વિકાસ પરવાનગી

શ્રી વિમલકુમાર ભરતભાઇ પઢિયાર ગામ ઉંડેરા તા.જી.વડોદરાના, રે.સ.નં.૩૮૮, પ્લોટનં. ૧,૨ વાળી જમીનમાં ક્ષેત્રફળ ૨૬૬.૩૨ ચો.મી.માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર પાર્કિંગ ચો.મી., ફર્સ્ટ ફ્લોર ૧૦૫.૯૮ ચો.મી., સેકન્ડ ફ્લોર ૧૦૫.૯૮ ચો.મી., થર્ડ ફ્લોર ૧૦૫.૯૮ ચો.મી., ફોર્થ ફ્લોર ૧૦૫.૯૮ ચો.મી. ફિફ્થ ફ્લોર ૫૫.૨૫ ચો.મી. માં મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૪૭૯.૧૭ ચો.મી.માં એક લો રાઇઝડ ટાવરમાં કુલ-૧૦ ફ્લેટસ ના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ રિવાઇઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧. કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૬૬ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૦૪ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૫. જી.ડી.સી.આર - ૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૬. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૧૬૮/૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. ૧૩/૧૧/૨૦૧૭

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.